237

**તા. ૨૨/૧૦/૨૦૧૦ સ્થળ– એસ.આઈ.ટી. કચેરી, ગાંધીનગર.**

મારુ નામ ગોરધનભાઈ પ્રાગજીભાઈ ઝડફીયા, ઉ.વ.૫૬, ધંધો હાલ ખેતી તથા વેપાર, રહે. ૪–બી, અક્ષર એવન્યુ, પ્રમુખ સ્વામી નગર, આર ટેક્ષ કમ્પાઉન્ડ, બાપુનગર, અમદાવાદ ફોન નં. ૦૭૯ ૬૫૨૪૪૧૪૧, મોબા. નં. ૯૮૨૫૫ ૦૫૭૭૮

રુબરુમાં પુછવાથી લખાવું છું કે હું ઉપર બતાવેલ ઠેકાણે રહું છું અને આજરોજ મને આપ સાહેબે નરોડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૯૮/૦૨, ૧૦૦/૦૨ તથા મેઘાણીનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૬૭/૦૨ ના કામની તપાસના કામે આજરોજ નિવેદન આપવા સારુ બોલાવેલ છે અને મારુ આ નિવેદન વિડીયોગ્રાફીથી કરાવવા માંગુ છું કે કેમ તે અંગે પુછતા જણાવુ છુ કે હું વિડીયોગ્રાફીથી મારુ નિવેદન આપવા માંગતો નથી.

આજરોજ મને પુછવાથી વિશેષમાં મારા અગાઉના તા. ૨૭/૮/૦૯ તથા તા. ૧૦/૪/૧૦ ના નિવેદનો વાંચ્યા બાદ નીચે મુજબની હકીકત જણાવું છું.

ઉપરોક્ત નિવેદનો આપ્યા બાદ કેટલીક વિગતો, માહિતી મેળવવાનો મેં પ્રયાસ કર્યો છે અને જે તે સમયની મારી જવાબદારી, ભુમિકા અને નિર્ણયો લેવાની સ્થિતી અને સક્ષમતા ઉપરાંત મારા સરકારમાં અગાઉથી રહેલા સંબંધો બાબત હું વિગતવાર પૂર્વભુમિકા સાથે સ્પષ્ટતા કરવા ઈચ્છુ છું. જેનાથી અગાઉના આપેલા નિવેદનોમાં તે ઉપરાંતની જે કાંઇ માહિતી અને હકીકતો મારી જાણ મુજબની છે તે હું આ સાથે જણાવું છું.

૧) હું ગુજરાતમાં ૧૯૯૫માં શ્રી કેશુભાઈ પટેલની સરકારને શ્રી શંકરસિંહ વાઘેલાએ અસ્થિર કરેલ ત્યારે અમદાવાદ શહેર સંગઠનના મહામંત્રી તથા ધારાસભ્ય તરીકે ચૂંટાયેલ હતો તે સમયે તેવું નકકી થયેલ કે ગુજરાતના સંગઠન મહામંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને ગુજરાતમાંથી દુર કરીને દિલ્હી મોકલવા, ત્યારથી શ્રી નરેન્દ્રભાઈ

દિલ્હી ખાતે હતા અને અમારા સંબંધો બગડી ગયેલા અને તેઓને દિલ્હી મોકલવામાં મારો પણ હાથ છે તેવું શ્રી નરેન્દ્રભાઈ મોદી માનતા હતા અને તેના કારણે મારા સંબંધો તેમની સાથે બગડેલા.

૨) જયારે શ્રી કેશુભાઈ ૧૯૯૮માં મુખ્યમંત્રી તરીક ચુંટાયા ત્યારે હું ગુજરાત પ્રદેશ ભા.જ.પા.માં મહામંત્રી હતો અને કેશુભાઈના અંગત વ્યકિત તરીકે અમો શ્રી નરેન્દ્રભાઈ ને ગુજરાતમાં આવતા રોકીએ છીએ તેવી અનેક ફરીયાદો શ્રી નરેન્દ્રભાઈએ ઉચ્ચકક્ષાએ કરેલ જેની મને પણ જાણ હતી અને ત્યારબાદ શ્રી નરેન્દ્રભાઈ મને પોતાના વિરોધી માનવા લાગેલ અને મુખ્યમંત્રીની શપથવિધિમાં પણ શ્રી નરેન્દ્રભાઈને ગુજરાતના સંગઠનમાં ભાગલા ન પડે તે માટે બોલાવેલા નહી શ્રી નરેન્દ્રભાઈના મનમાં એવું હતું કે, શપથવિધિમાં ન બોલાવવાના નિર્ણયમાં પણ મેં ભાગ ભજવેલ છે. તેથી પણ તેઓ મારાથી નારાજ હતા અને આમ બીજા ઘણા બધા સંજોગો અને કારણોને લીધે મારા અને નરેન્દ્રભાઈના સબંધોની વચ્ચે તિરાડ ઉભી થવા પામેલ.

૩) ત્યારબાદ સને–૨૦૦૧ માં ભા.જ.પ. ના કેન્દ્રીય આગેવાનોએ શ્રી કેશુભાઈ પટેલને બદલવાનો નિર્ણય લીધેલ હતો અને તેમની જગ્યાએશ્રી નરેન્દ્રભાઈ મોદીને મુકવાનો નિર્ણય લીધેલ હતો. આના વિરોધમાં ૧૦ થી ૧૨ આગેવાનોનું પ્રતિનિધિ મંડળ જેમાં હું પણ પ્રતિનિધિ તરીકે હતો અને અમો શ્રી કેશુભાઈ અંગે રજુઆત કરવા દિલ્હી ગયેલ હતા. આ હકીકતો શ્રી નરેન્દ્રભાઈના જાણમાં હતી. અને તેઓ જાણતા હતા કે હું શ્રી કેશુભાઈ વતી કેશુભાઈની તરફેણમાં રજુઆત કરવા એનેશ્રી નરેન્દ્રભાઈનો વિરોધ કરવા ગયેલ હોવાને કારણે તેઓ પહેલાંથી જ અમારી વિરુધ્ધમાં હતા. આમ ઉપરોકત કારણોસર અમારે અને શ્રી નરેન્દ્રભાઈ વચ્ચેના સબંધોમાં ઘર્ષણ ઉભું થવા પામેલ હતું. મારો મંત્રી મંડળમાં જવાનો કોઈ ઈરાદો ન હતો કારણ કે હું જાણતો હતો કે, મને મંત્રી બનાવવામાં આવશે તો પણ મને અગત્યનું કામ સોંપવામાં

નહીં આવે અને અગત્યના નિર્ણયોમાં મારી અવગણના થશે જ અને હું માત્ર પેપર ઉપર જ મંત્રી રહીશ તેમ હું માનતો હતો પરંતુ આમ છતાં મારી મરજી ન હોવા છતાં શ્રી કેશુભાઈ તથા પાર્ટીના આગેવાનોના દબાણના લીધે હું મંત્રી બનવા માટે સહમત થયો હતો અને મને શ્રી નરેન્દ્રભાઈની મરજી વિરુધ્ધ ગુજરાત રાજયના રાજયકક્ષાના ગૃહમંત્રી તરીકે ઉપરોકત વ્યકિતઓના દબાણને લીધે નિમવામાં આવેલ હતો. પરંતુ ઉપરોકત હકીકતોના કારણે તેમજ મારા શ્રી નરેન્દ્રભાઈ સાથેના સબંધો સારા ન હોવાના કારણે અને હું શ્રી કેશુભાઈનો માણસ હોવાની છાપના લીધે મારા ખાતાની તમામ અગત્યની બાબતોથી મને અજાણ રાખવામાં આવતો હતો અને મારી સાથે મારા ખાતા અંગેની અગત્યની કોઈપણ ચર્ચા વિચારણા તેઓ નાઓ ધ્વારા કરવામાં આવતી ન હતી અને મને રાજયના ગૃહ મંત્રી તરીકેનું મહત્વ આપવામાં આવતું ન હતું. વધુમાં હું જણાવવા માંગુ છું કે, ગૃહ ખાતાનો કેબીનટ કક્ષાનો દરજજો મુખ્યમંત્રીશ્રી પોતે ધરાવતા હતા અને મને ગૃહ ખાતાનો સ્વતંત્ર હવાલો આપવામાં આવ્યો ન હતો અને માત્ર સરહદી સુરક્ષા અને પોલીસ હાઉસીંગ તંત્રનો હવાલો આપવામાં આવ્યો હતો. જે તા. ૧૭/૧૦/૨૦૦૧ ના ગુજરાત સરકારના ગેઝેટની નકલ આ સાથે રજુ કરું છું. આમ ઉપરોકત બાબતો દર્શાવે છે કે, મને શ્રી નરેન્દ્રભાઈની મરજી વિરુધ્ધ મંત્રી બનાવવામાં આવેલ.

૪) તે સમય દરમ્યાન ગોધરા ઘટના પહેલાં, ગોધરા ઘટના દરમ્યાન અને ગોધરા ઘટના પછી પણ અંગત રીતે કહી શકાય તેવા મંત્રીઓની શ્રેણીમાં હું ન હતો. પરંતુ મારા ભાગે ગૃહ વિભાગના રાજયકક્ષાના ગૃહ મંત્રી તરીકેનું નામનું કામકાજ હું કરતો હતો. મારી પાસે સ્વતંત્ર હવાલો માત્ર સરહદી સુરક્ષા અને પોલીસ હાઉસીંગનો હતો અને કેબીનેટ ગૃહ વિભાગની બાકીની તમામ બાબતો જેવા કે, કાયદો વ્યવસ્થા વિગેરે મુખ્યમંત્રીશ્રી પાસે હતા. ત્યારબાદ વિધાનસભાનું વિસર્જન થયું અને ચુંટણીઓ પછી નવી સરકારની રચના કરવામાં આવી ત્યારે પ્રથમ મંત્રી મંડળમાં મારો સમાવેશ કરેલો નહીં અને તે બાબતે મેં આગ્રહ કે રજુઆત પણ કરેલી નહીં કારણ કે તેમની

સાથે કામ કરવું તેમના સબંધો સારા ન હોઈ અને અગાઉના નિર્ણય પ્રમાણે મારી સતત અવગણના થતી હોવાથી મારી ઈચ્છા પણ ન હતી.

૫) પરંતુ વર્ષ–૨૦૦૫ માં મંત્રી મંડળમાં વિસ્તરણ સમયે તેમની અનિચ્છાએ મારો ફરીથી સમાવેશ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. કારણ કે હું અસંતુષ્ટ જુથનો મુખ્ય વ્યકિત હતો અને મંત્રી મંડળમાં લઈ લેવામાં આવે તો હું ચુપ થઈ જઈશ તેવું તેમને લાગ્યું હશે તેમને એમ પણ હશે કે, મંત્રી બનાવી દઈએ તો શ્રી નરેન્દ્રભાઈ વિરુધ્ધ શિસ્તના નામે રજુઆત ન કરી શકે તેવા કારણથી મારી માંગણી કે ઈચ્છા જાણ્યા વિના નિર્ણય કર્યો પરંતુ તે મેં સ્વીકારેલ નહીં. જે મેં અગાઉના નિવેદનમાં પણ જણાવ્યું છે તે સમયના વિવિધ અખબારી નિવેદનો આ સાથે રજુ કરું છું. જેની તારીખ અને વિગતો નીચે મુજબ છે.

ગુજરાત સમાચાર : તા.૨/૮/૦૫
ફુલછાબ : તા.૨/૮/૦૫
સંદેશ : તા.૨/૮/૦૫
દિવ્યભાસ્કર : તા.૨/૮/૦૫
ગુજરાત મિત્ર, ગુજરાત દર્પણ : : તા.૨/૮/૦૫
ભાસ્કર ન્યુઝ : તા.૨/૮/૦૫
સંદેશ : તા.૫/૮/૦૨
ગુજરાત મિત્ર, ગુજરાત દર્પણ : : તા.૫/૮/૦૨
મેટ્રો સમભાવ : તા.૧૪/૨/૦૭
દિવ્યભાસ્કર : તા.૭/૮/૦૫
વેસ્ટર્ન ટાઈમ્સ : તા.૧/૮/૦૫
રાજકોટ : તા.૮/૮/૦૫
મેટ્રો : તા.૧/૮/૦૫
અકિલા : તા.૫/૮/૦૫

૬) ત્યારબાદ મારી તમામ ગતિવિધીઓ ઉપર ગુપ્તચર વિભાગ દ્વારા દેખરેખ રાખવામાં આવતી હતી અને તેથી મેં આ અંગે મુખ્યમંત્રીશ્રી સમક્ષ વિરોધ નોંધાવેલ હતો જે અંગે જે તે સમયે મેં શ્રી લાલકૃષ્ણ અડવાણીજીને તા. ૧૬/૨/૨૦૦૫ તથા તા. ૮/૩/૨૦૦૫ નારોજ આ અંગે પત્ર લખીને પણ જાણ કરેલ. જે પત્રોની સ્વપ્રમાણિત નકલ આપના સમક્ષ રજુ કરું છું. પરંતુ તેઓએ મને આ બાબત અંગે કોઈ જવાબ આપેલ નહીં અને તે પછી વિધાનસભા ચાલુ હતી ત્યારે મુખ્યમંત્રીશ્રીની ઓફીસથી મને ચિઠ્ઠી મોકલીને મુખ્યમંત્રીશ્રીને રુબરુ મળવા બોલાવેલ ત્યારે હું રુબરુ મળેલ ત્યારે તે સમયના ગૃહ રાજયમંત્રીશ્રી અમિતભાઈ શાહ પણ હાજર હતા. અને તેમની હાજરીમાં મુખ્યમંત્રીશ્રીએ મને પુછેલ કે તમો કેમ વિધાનસભા પક્ષની મીટીંગમાં આવા પ્રશ્નો પુછો છો? તમો પતી જશો. ત્યારે મેં જવાબ આપેલ કે, જન્મ ભગવાન આપે છે અને મારે પણ ભગવાન જ છે. એટલે પતી જશો તેવા શબ્દો ન બોલો. તમારે જોઈએ તો હું ધારાસભ્ય પદ પણ આપી દઉં. તો તેઓએ જણાવેલ કે, શું બાબત હતી? ત્યારે મેં જણાવેલ કે, મારી મુવમેન્ટ પર નજર રાખવામાં આવે છે જેની મને ડ્રાયવરે જાણ કરેલ છે. મેં તે અંગે શ્રી ઓમ માથુર પ્રભારી, ગુજરાત, શ્રી એલ. કે. અડવાણીજી તથા પ્રદેશ પ્રમુખશ્રી રાજેન્દ્રસિંહજી રાણાને આ ફરીયાદ કરી છે. ત્યારે અમિતભાઈ તથા નરેન્દ્રભાઈએ જણાવેલ કે, આ બાબત શ્રી ઓમ માથુર ગુજરાત આવે ત્યારે બેસીને નિર્ણય લઈશું. ત્યારબાદ શ્રી ઓમ માથુર થોડા દિવસોમાં અમદાવાદ આવેલા. શાહીબાગ એનેક્ષી ખાતે મારી સાથે શ્રી ઓમ માથુર, શ્રી રાજેન્દ્રસિંહજી રાણા તથા શ્રી અમિતભાઈ શાહની મીટીંગ થયેલ. જેમાં અમે આ મુદ્દે અમિતભાઈ પાસે જવાબ માંગેલ, તેમની પાસે કોઈ જવાબ ન હતો. મારી આ વાત શ્રી ઓમ માથુરે શ્રી અડવાણીજીને કરેલ અને છેવટે ૧૧ દિવસમાં આ અંગે ઈન્કવાયરી કરી અહેવાલ આપવાનું નકકી થયું પરંતુ આજ સુધી કોઈ અહેવાલ આવ્યો નથી.

૭) ગોધરા ઘટનાનો બનાવ મોટો અને અતિ ગંભીર પ્રકારનો હતો. જે તે વખતે હું રાજયકક્ષાનો ગૃહ મંત્રી હતો અને હું મુખ્યમંત્રીશ્રીની નીચે ફરજો બજાવતો હતો

એટલે કોઈ ગંભીર બનાવ બને દા.ત. ગોધરા ઘટના જેવી બાબત તો તેમાં કોઈ નિર્ણય લેવાનો હોય તો આવા નિર્ણયો હું લઈ શકતો ન હતો અને માત્ર મુખ્યમંત્રીશ્રી જ લેતા હતા. અને હકીકતમાં પણ ઉપરોકત બાબત અંગે મેં કોઈ નિર્ણય લીધેલ ન હતો.

૮) ગોધરા ઘટના કે ગોધરા પછીની ઘટનાઓ અંગે જે કોઈ નિર્ણયો લેવાયા તેમાં મારી કોઈ દિવસ સલાહ લેવામાં આવેલ નથી અને મને સામેલ પણ કરવામાં આવેલ નથી. જે તે સમયે પણ જાણ કરવામાં આવેલ ન હતી. મારી સતત અવગણના કરવામાં આવી છે અને મેં આ અંગે કોઈ નિર્ણય લીધા પણ નથી અને મને કોઈ પુછતું પણ ન હતું.

૯) શ્રી અશોકભાઈ ભટ્ટે ગોધરા ઘટના અને તે પછીના બનાવો દરમ્યાન જે કોઈ નિર્ણયો લીધા. દા.ત. તેઓના ગોધરા જવાનો નિર્ણય, લાશોને સ્થળ પર જ પોસ્ટમોર્ટમ કરવાનો અને સોલા સિવીલ હોસ્પિટલ મોકલવાનો નિર્ણય તેમાં મારો કોઈ હાથ હતો નહીં. કે હોઈ પણ ન શકે કારણ કે સીનીયોરીટી પ્રમાણે હું જે તે સમયે ઘણો જુનીયર મંત્રી હતો.

૧૦) પોસ્ટમોર્ટમ કરવા ડોકટરોની જરુર હોય છે અને આ ડોકટરો બધા આરોગ્ય મંત્રીશ્રીના અધિકારક્ષેત્રમાં આવે છે તેમને બોલાવવાનો અધિકાર મારા કાર્યક્ષેત્રમાં ન હતો અને મેં આવો કોઈ નિર્ણય લીધેલ નથી કે આ અંગે કોઈ સૂચના પણ આપેલ નથી. આ નિર્ણય આરોગ્ય મંત્રીશ્રી અશોકભાઈ ભટ્ટે સ્વતંત્ર લીધો કે મુખ્યમંત્રીશ્રીના કહેવાથી લીધો તે હું જાણતો નથી. વધુમાં મુખ્યમંત્રીશ્રી ની ગોધરા મુકામે થયેલ પ્રેસ કોન્ફરન્સ તેમજ પોસ્ટમોર્ટમ અંગે લીધેલા ઉતાવળા અને અસાધારણ નિર્ણય બાબતે મેં કોઈ ભાગ ભજવેલ નહીં અને હું ભાગ ભજવી શકું તેમ પણ ન હતો. કારણ કે સીનીયર મંત્રીશ્રી ઓ તેમજ મુખ્યમંત્રીશ્રી પણ ત્યાં હાજર હતા અને ઉપરોકત બાબતો અંગે નિર્ણય લેવા હું સક્ષમ ન હતો અને મેં આવા પ્રકારના નિર્ણયો લીધા નથી. આ

ઉપરાંત, જે તે સમયે ગોધરાના સાંસદ શ્રી ભુપેન્દ્રસિંહજી સોલંકી પણ હાજર હતા. આપ વધુ માહિતી માટે તેઓને પણ પુછી શકો છો.

૧૧) લાશોને ગોધરાથી સોલા સિવિલ હોસ્પિટલ ખસેડાવામાં આવે તે નિર્ણય મેં લીધો નથી. મારા સિવાય સ્થળ પર મુખ્યમંત્રીશ્રી અને આરોગ્યમંત્રીશ્રી પણ હતા એટલે તેમાંથી કોઈએ નિર્ણય લીધો હોય તો તે મને ખબર નથી અને આ અંગે તેઓએ મારી સલાહ પણ લીધી નથી.

૧૨) વધુમાં, સોલા સિવિલ હોસ્પિટલ આરોગ્ય મંત્રીશ્રીના કાર્યક્ષેત્રમાં આવે છે કોઈ ગોઠવણ કે વ્યવસ્થા કરવી હોય તો મારાથી થઈ ન શકે તેથી સ્વાભાવિક રીતે દેખીતી વાત છે. તેથી આવા નિર્ણયમાં મારો કોઈ ભાગ હોઈ શકે નહીં અને મેં આવો કોઈ નિર્ણય લીધેલ નથી.

૧૩) વધુમાં, મુખ્યમંત્રીશ્રી ગોધરા આવવાના છે તેની મને અગાઉથી જાણ કરેલ ન હતી. બીજા બધાં નિર્ણયોની જેમ આ નિર્ણયથી પણ મને વંચિત રાખવામાં આવેલ. મુખ્યમંત્રીશ્રીને ખબર હતી કે, હું ગોધરા જવાનો છું કારણ કે તેમણે જ મને ગોધરા મોકલેલ હતો. તેઓ મને તેમની સાથે પોતાના હેલીકોપ્ટરમાં લઈ જઈ શકયા હોત અથવા ગોધરાથી ગાંધીનગર આવતાં મને સાથે પોતાના હેલીકોપ્ટરમાં ગાંધીનગર લાવ્યા હોત. પરંતુ મને જાણી જોઈ તેમનાથી દૂર રાખેલ. મારું માનવું છે કે, તા. ૨૭/૨/૦૨ ની ગાંધીનગરમાં જે મીટીંગ થઈ અને તેમાં જે નિર્ણયો લેવાયા હશે તેનાથી મને દૂર રાખવા માટે આવું કરવામાં આવેલું હશે.

૧૪) તા. ૨૭/૨/૦૨ નારોજ મુખ્યમંત્રીશ્રીએ મીટીંગ બોલાવેલ છે તે અંગેની જાણ સુધ્ધા મને કરવામાં આવતી નથી. અને મુખ્યમંત્રીશ્રી ગોધરાથી ગાંધીનગર હેલીકોપ્ટરમાં જાય છે ત્યારે પણ તેમને એવું ન લાગે કે, આ મીટીંગમાં મને હાજર

રાખવો જોઈએ અને જો તેઓને એવું લાગ્યું હોત તો મને જોડે લઈ આવ્યા હોત અથવા તો તેઓએ મને આ અંગે જાણ કરી હોત. આ બાબતથી એમ માનવાને ચોકકસ કારણ છે કે, આ ગોધરા બાબતના જે નિર્ણયો લેવાયા તેમાં મારો ભાગ હતો નહીં અને મારી અવગણના કરવામાં આવેલ. જો ખરેખર મારી સુચના પ્રમાણે દરેક કામ થતું હોત તો આવી તા. ૨૭/૨/૦૨ ની મીટીંગમાંથી મને બાકાત રાખવામાં આવ્યો જ ન હોત.

૧૫) મેં અગાઉ નિવેદનમાં જણાવેલ છે કે, તા. ૨૭/૨/૦૨ ની આ મીટીંગમાં હું હાજર ન હતો. કારણ કે તે સમયે હું ગોધરા હતો અને આ અંગે ખાત્રી પણ કરી શકો છો.

૧૬) તા. ૨૭/૨/૦૨ ની ગોધરા બાબતની અતિ મહત્વની અને ગંભીર મીટીંગ હતી કારણ કે તેમાં અતિ મહત્વના નિર્ણય લેવામાં આવેલ છતાં પણ તેમાંથી મને બાકાત રાખેલ. આ એક જ વસ્તુ સુચવે છે કે, તે મીટીંગમાં લેવાયેલ નિર્ણયોમાં મારો સમાવેશ હતો નહીં.

૧૭) તા. ૨૭/૨/૦૨ નારોજ આવી મીટીંગ થઈ તેની જાણ મને તા. ૧૪/૩/૦૨ નારોજ મારા આ અંગેના નિવેદનથી જ થયેલ અને આ નિવેદન મેં ગૃહમાં વાંચી સંભળાવેલ. પરંતુ મને આ બાબતની કોઈ જાત માહિતી ન હતી. બીજાએ આપેલી માહીતીના આધારે ગૃહમાં નિવેદન કરવું પડે છે એવું જરુરી નથી કે ગૃહમાં કોઈ નિવેદન કર્યુ હોય તો નિવેદન કરનાર મંત્રીશ્રીને તેની જાત માહિતી હોય જ.

૧૮) બે સીનીયર મંત્રીશ્રી અશોકભાઈ ભટ્ટ અને શ્રી આઈ. કે. જાડેજાએ પોલીસ કંટ્રોલ રુમનો કબજો સંભાળી લીધેલ છે તે અંગે અગાઉ મને પુછવામાં આવેલ જે બાબતે જણાવવાનું કે, આ બંને મંત્રીશ્રીઓ સીનીયર અને કેબીનેટ કક્ષાના મંત્રીઓ હતા. જયારે કેબીનેટમાં તેઓની સરખામણીમાં મારો દરજજો ઘણો નાનો હતો. હું

રાજયકક્ષાનો મંત્રી હતો. આ બંને મંત્રીશ્રીઓને મારાથી સુચના આપી શકાય તેવું ન હતું અને મેં આપી પણ ન હતી. વધુમાં અગાઉ જણાવ્યા મુજબ મારી પાસે ગૃહ ખાતાનો સ્વતંત્ર હવાલો પણ ન હતો. આ બંને મંત્રીશ્રીઓ કંટ્રોલ રુમમાં છે અને કંટ્રોલ રુમનો હવાલો સંભાળેલ છે તે અંગેની ફરીયાદ કે જાણ તે સમયે મને કોઈએ કરી નથી અને આવી ગંભીર બાબત મુખ્યમંત્રીશ્રીની જાણમાં ન હોય તેવું બને જ નહીં કારણ કે ગૃહ ખાતાના કેબીનેટ મંત્રી મુખ્યમંત્રીશ્રી હતા અને પોલીસ કંટ્રોલ રુમો તેમના કાર્યક્ષેત્રમાં આવતા હતા.

૧૯) વિધાનસભા ગૃહમાં શ્રદ્ધાંજલી આપવાની પ્રણાલિકા વિધાનસભા ગૃહના ભૂતપૂર્વ કે વર્તમાન સદસ્યના અવસાન કે રાષ્ટ્રીય કક્ષાના નેતાઓના અવસાનના સંદર્ભમાં શોક પ્રસ્તાવ ધ્વારા કરવામાં આવે છે. જયારે આવી પરંપરા વિરુદ્ધ તા. ૨૮/૨/૦૨ નારોજ ગોધરા ઘટનામાં મૃત્યુ પામનાર મૃતકોને શ્રદ્ધાંજલી હોય છે અને ગૃહ ૮/૪૦ કલાકે મુલ્તવી રહે છે. જેમાં અધ્યક્ષશ્રી નિર્ણય જાહેર કરે છે કે, ગૃહ આવતીકાલે એટલે કે તા. ૧/૩/૦૨ નારોજ ફરીથી મળશે જેની નકલ આ સાથે રજુ કરું છું. પરંતુ બીજા દિવસે ગૃહ મળતું નથી. ત્યારબાદ તરત જ એક પરિપત્ર કરવામાં આવેલો કે, આ ગૃહ હાલની અશાંત સ્થિતિને ધ્યાનમાં રાખી ધારાસભ્યો સુલેહ શાંતિ જાળવવામાં તંત્રને મદદરુપ થાય તેવા કારણોસર આ ગૃહ તા.૪/૩/૦૨ નારોજ ફરીથી મળશે અને તે નિર્ણય જયારે લેવાયો ત્યારે ગોધરા સિવાય તા. ૨૮/૨/૦૨ નારોજના સવારના સમયમાં સમગ્ર રાજયની પરીસ્થિતિ અશાંત બની ન હતી અને અમદાવાદના બનાવ બનેલા તે પણ સવારના ભાગે બન્યા ન હતા તો આ ત્રણ દિવસ ગૃહ ન બોલાવવાનો અધ્યક્ષશ્રીએ નિર્ણય મુખ્યમંત્રીશ્રીની સુચનાથી જ અને સલાહથી જ લીધેલ હોય અને પ્રણાલિકા પણ એમ જ છે. આ નિર્ણય લેવાની સક્ષમતા મારી ન હતી. જે મુખ્યમંત્રીશ્રી તથા અધ્યક્ષશ્રીના અધિકારની બાબત છે અને પરિસ્થિતિ ગંભીર બનવાની છે કે કેમ તે ખ્યાલ તેઓને કેવી રીતે આવ્યો.

૨૦) જયારે અગાઉ મુલ્તવી રહેલ ગૃહ કે જે તા. ૪/૩/૦૨ નારોજ મળેલ નહીં પરંતુ ફરીથી તા.૩/૩/૦૨ નારોજ વિધાનસભા સચિવશ્રીએ પરિપત્ર કરી આ ગૃહ તા. ૧૩/૩/૦૨ નારોજ મળશે તેવું જણાવેલ. તેની નકલ આ સાથે રજુ કરું છું. તા. ૧૩/૩/૦૨ સુધીમાં સેંકડો નિર્દોષ માનવીઓના મૃત્યુ નિપજેલા હતા. છતાં કોઈ શોક પ્રસ્તાવ પણ મુકવામાં આવ્યો ન હતો અને પસાર પણ કરવામાં આવ્યો ન હતો. આ અંગે વધારે વિગતો માટે જે તે સમયના સંસદીય મંત્રી સુરેશભાઈ મહેતાને પણ આપ પુછી શકો છો.

૨૧) મને આ સમગ્ર બાબતોથી જુદો રાખવા છતાં મને જયારે પણ કોઈ ટેલીફોન ધ્વારા કોઈ બનાવની કે ઘટનાની જાણ થતી હતી ત્યારે મેં લાગતા વળગતા અધિકારીઓને સુચના આપીને કડક પગલાં લેવાની સલાહ આપેલી. પરંતુ મને તે બાબતમાં લેશમાત્ર પણ ખ્યાલ ન હતો કે પોલીસ અધિકારીઓને સુચના આપવા માટે અને અન્ય બાબતો માટે પોલીસ કંટ્રોલ રુમમાં બે સીનીયર અને કેબીનેટ કક્ષાના મંત્રીઓ શ્રી અશોકભાઈ ભટ્ટ તથા શ્રી આઈ. કે. જાડેજાને મુકવામાં આવેલ. પોલીસ કંટ્રોલ રુમમાં સામાન્ય રીતે આવા મંત્રીઓ હોઈ શકે નહીં. આ બંને મંત્રીઓના ખાતાઓને પોલીસ કંટ્રોલ રુમ સાથે કોઈ નિસ્બત હતી નહી છતાં પણ તેમની સુચના પ્રમાણે જો પોલીસ કંટ્રોલ રુમમાંથી કાર્યવાહી થઈ હોય તો આ બંને મંત્રીશ્રીઓની સીનીયોરીટી અને હોદ્દા જોતાં તેમની સરખામણીમાં હું ઘણો જુનીયર અને નાનો હતો. તેથી સ્વાભાવિક રીતે તેઓને કંટ્રોલ રુમમાં બેસાડવાનું પગલું મારાથી લઈ શકાય નહીં અને ખરેખર મે લીધેલ પણ નથી. તમામ લાગતી વળગતી વ્યકિતઓના ટેલીફોન રેકર્ડ તપાસ કરવામાં આવે તો મારું એવું માનવું છે કે, સમગ્ર બનાવો દરમ્યાન સી.એમ.ઓ. તથા સી.એમ.ઓ. સ્ટાફ તરફથી અનેક ફોન અનેક વ્યકિતોઓને જેવા કે, ઉચ્ચ પોલીસ અધિકારીઓ, રાજકીય નેતાઓ અને અમુક અત્યાર સુધીમાં પકડાયેલા તહોમતદારો સાથે થયા હશે. મારું ચોકકસ માનવું છે કે, આપની પાસેની માહીતીમાં પણ આવા અનેક કોલ ડીટેઈલ્સ હશે. આવી વાત થયાનું માનવાનું અન્ય કારણો

સિવાય મુખ્ય કારણ એ છે કે, જે તે સમયે મેં જાતે પોલીસ અધિકારીઓ કે બીજાઓને કાયદા વિરુધ્ધ અથવા ફરજો વિરુધ્ધ કોઈ કાર્યવાહી કરવાની સુચના કયારેય આપી નથી. આ ઉપરાંત પોલીસ કંટ્રોલ રુમમાંથી જે સુચનાઓ જતી હતી તેમાં મારો કોઈ હાથ હતો નહીં અને કંટ્રોલ રુમમાં મારા કરતાં સીનીયર મંત્રીઓ હતા. આ બંને બાબતોથી સ્પષ્ટ છે કે આ સમગ્ર ઘટનામાં મેં કાયદા વિરુધ્ધ કોઈ ભાગ ભજવ્યો ન હોવા છતાં મને બલીનો બકરો ન બનાવવામાં આવે જેથી હું આ સ્પષ્ટતા કરું છું.

૨૨) વધુમાં જણાવું છે કે, માની લઈએ કે મેં કાયદા વિરુધ્ધની સુચનાઓ કે જે મેં પોલીસ અધિકારીઓને આપેલ નથી કે આપી હોય તો પણ મુખ્યમંત્રીશ્રી ગૃહ ખાતાના કેબીનેટ કક્ષાના મંત્રીનો દરજજો ધરાવતા હતા તેથી પોલીસ અધિકારીઓ કે જેઓ તેમના તાબા હેઠળ કામ કરતા હતા. તેઓએ મારા વિરુધ્ધ મુખ્યમંત્રીશ્રીને ફરીયાદ કરેલી હોત અને જો મેં કાયદા વિરુધ્ધ સુચનાઓ આપી હોત તો પણ મારી સુચનાઓની અવગણના જ કરતા અને કાયદાની મર્યાદામાં રહીને જ ફરજ બજાવેલ હોત. પરંતુ આવું બની શકયું નહી અને પોલીસ અધિકારીઓએ પરિસ્થિતિને અનુરુપ કોઈ પગલાં લીધેલ નહીં અને મુખ્યમત્રીશ્રી કેબીનેટ કક્ષાનો ગૃહ ખાતાનો દરજજો ધરાવતા હોવાથી તે બાબત સ્પષ્ટ કરે છે કે મારા ધ્વારા કોઈ પણ પ્રકારની કાયદા વિરુધ્ધ સુચનાઓ અપાયેલ નથી અને તેના કારણે મારા વિરુધ્ધ કોઈપણ પ્રકારના પગલાં લેવામાં આવેલ નથી.

૨૩) તા. ૨૭/૨/૦૨ નારોજ જે મીટીંગ થયેલી તેમાં મને જાણી જોઈને બાકાત રાખવામાં આવેલો. તે મીટીંગમાં જે નિર્ણયો લેવાયેલા હતા તે અંગેના કોઈ મીનીટસ મારા જાણવા પ્રમાણે બનાવવામાં આવ્યા નથી. શ્રી શ્રીકુમાર પોલીસના ઉચ્ચ અધિકારી હતા અને તેઓ ઉપરોકત મીટીંગ અંતર્ગત ચર્ચાઓને સમર્થન કરતા હતા. પરંતુ તે મીટીંગમાં જે બાબતો અંગે ચર્ચા કરવામાં આવી હતી તે બાબતે જયારે શ્રી

શ્રીકુમારે જાહેરમાં નિવેદન આપેલ પછી શ્રીકુમારને કઈ રીતે હેરાન કરવામાં આવેલ તેમજ તેમનું અપમાન પણ કરવામાં આવેલ તે જગજાહેર છે. શ્રીકુમારના ઉદાહરણને લીધે એવું બની શકે કે મીટીંગમાં હાજર રહેલ બીજા અધિકારીઓ પણ ગભરાઈ ગયા હશે અને કંઈ જ કહેતા ન હોય.

૨૪) હવે મારું ચોક્કસ માનવું છે કે, ગોધરામાં જે બનાવ બન્યા પછી જે તોફાનો થયા તે દરમ્યાન તે તમામમાં મારો સીધો કે આડકતરી રીતે કોઈ હાથ ન હતો છતાં પણ શ્રી નરેન્દ્રભાઈની સાથે મારી ઉપર જણાવ્યા પ્રમાણેની અદાવતના કારણે તથા પોતાનો બચાવ કરવાની દૃષ્ટિએ એવું શકય છે કે, મને આ કેસમાં ફસાવવાનો પ્રયત્ન કરવામાં આવશે અને આવું કરવાનું મારા વિરુધ્ધ ખોટા જવાબો પોલીસ અધિકારીઓ, સરકારી કર્મચારી, ભા.જ.પ. પાર્ટીના પદાધિકારીઓ, કાર્યકર્તાઓ તથા આ ગુન્હાના પકડાયેલ આરોપીઓ પાસેથી સરકારના દબાણ હેઠળ લખાવવામાં આવશે તેથી આ બાબતની કાળજી રાખવા આપ સૌ તપાસ અધિકારીઓને વિનંતી કરું છું.

૨૫) તાજેતરમાં શોહરાબુદ્દીન કેસમાં તપાસ દરમ્યાન એવું બહાર આવ્યું છે કે, હાલના સરકારના મંત્રી વિરુધ્ધ નિવેદનો આપનાર સાક્ષીઓ જેવા કે, પોપ્યુલર બિલ્ડરના રમણભાઈ અને દશરથભાઈ ઉપર દબાણ લાવવામાં આવેલું, ધમકીઓ આપવામાં આવેલી અને તેઓની વિરુધ્ધ ખોટા કેસો પણ કરવામાં આવેલા. વધુમાં શ્રી કુલદીપ શર્મા જેવા સીનીયર પોલીસ અધિકારી જેઓએ સરકારના મંત્રીશ્રીઓ વિરુધ્ધ ભ્રષ્ટાચારના આક્ષેપો અને અનેક ફરીયાદો સરકારમાં કરેલ હતી તેથી તેઓને ફસાવવા માટે તેઓની વિરુધ્ધ ૨૬ વર્ષ પછી ફરીયાદ કરવામાં આવેલ. જે ફરીયાદને તાજેતરમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા રદ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. એટલે આવા વાતાવરણમાં જો શ્રી નરેન્દ્રભાઈ અને બીજા સીનીયર મંત્રીઓ પોતે સંડોવાયેલ હોય તો પણ તેમના વિરુધ્ધ કોઈ પોલીસ અધિકારી કે કર્મચારી નિવેદન લખાવશે નહી અને તેમને બચાવવાનો પુરેપુરો પ્રયત્ન કરશે અને બચાવની પ્રક્રિયામાં

મને ખોટી રીતના જાણી જોઈને મને ફસાવવામાં આવશે તેવું ચોકકસપણે મારું માનવું છે. આથી મારી આપશ્રીને નમ્ર વિનંતી છે કે, જે લોકો ખરેખર સંડોવાયેલા હોય તેઓને બચાવી લેવાના આશયથી મને બલીનો બકરો ન બનાવવામાં આવે તે જોશો. આજરોજ તમોએ મને સવાલના જવાબના સ્વરુપમાં પુછવાથી લખાવુ છુ કે,

સવાલ:–૧ આપશ્રી કયારેય પણ વી.એચ.પી. અથવા તેની ભગીની સંસ્થા બજરંગ દળ સાથે જોડાયા હતા કે કેમ ? જો હા તો વિગત જણાવો.

જવાબ:– હુ ૧૯૯૦ થી ભા.જ.પ. સાથે જોડાયેલો હતો તે અગાઉ થોડા સમય માટે વિ.હ.પ. માં કાર્યકર્તા તરીકે હતો. બજરંગ દળમાં કયારેય જોડાયેલ નથી. વિ.હ.પ. ના કાર્યકર્તા તરીકે ૧૯૮૪ થી ૧૯૮૯ સુધી હતો. ૧૯૯૦ થી ૨૦૦૭ સુધી ભા.જ.પ. સાથે જોડાયેલ હતો.

સવાલ:–૨ તા. ૨૭/૨/૦૨ ના દિવસે વિ.હ.પ. ધ્વારા ગુજરાત બંધના એલાનને તત્કાલીન બી.જે.પી. સરકાર ધ્વારા સમર્થન કરવાનુ એલાન આપ્યુ હતુ ત્યારે આપ ગૃહરાજયમંત્રી તરીકે હતા જેથી તા.૨૮/૨/૦૨ ના રોજ કોમી તોફાનો થઈ શકે તેવી શંકા આપને હતી કે કેમ ?

જવાબ:– મે આવા કોઈ બંધને સમર્થન આપેલ ન હતુ અને તે બાબતનો નિર્ણય જે તે પક્ષના વડા કે સરકારના વડા ધ્વારા જ લેવાતો હોય છે તેમની સરખામણીમાં મારો હોદ્દો ઘણો નાનો અને જુનીયર કક્ષાનો હોઈ મે આ નિર્ણય લીધો નથી અને બંધારણીય રીતે પણ સરકારના ભાગ તરીકે હુ સમર્થન આપી શકુ નહી અને મે સમર્થન કરેલ નહી પરંતુ આ બંધથી વાતાવરણ જળવાઈ રહે તે માટે જરુરી સુચનાઓ તા. ૨૭ થી જ જે તે સબંધીત પોલીસ અધિકારીઓને આપેલ.

૧૯૩

સવાલ.૩ આપનો ઉપરોકત જવાબ ઉપરોકત સવાલને અનુરુપ નથી અને ફરીથી પુછવામાં આવે છે કે આપે ગૃહ રાજયમંત્રી તરીકે તા.૨૮/૨/૦૨ ના દિવસે તોફાનો થઈ શકે તેવુ માનવા માટે કોઈ ચોકકસ કારણ હતુ કે કેમ ?

જવાબઃ– મારો જવાબ સ્પષ્ટ છે કે કોઈપણ બંધનું એલાન જે તે સંસ્થાના વડા ધ્વારા નિર્ણય લેવાતા હોય છે અને કાયદો અને વ્યવસ્થાની બાબતમાં હુ રાજયકક્ષાના ગૃહરાજયમંત્રી તરીકે હતો તેમછતા તા. ૨૭/૨/૦૨ એ અમદાવાદ શહેર ઉપરાંત પણ અન્ય જિલ્લાઓમાં કાયદો અને વ્યવસ્થા જળવાય તેવી સુચનાઓ મારા ધ્વારા અપાયેલ છે. દા.ત. મે તા. ૨૭/૨/૦૨ એ અમદાવાદ શહેરના સી.પી. તથા ડી.સી.પી. સહીત અન્ય પોલીસ અધિકારીઓને આ બાબતે જાણ કરેલ અને મે અગાઉ પણ મારા નિવેદનમાં જણાવેલ છે.

સવાલ.૪ આપનો ઉપરોકત જવાબ વાંચીને એવુ પ્રસ્થાપીત થાય છે કે તા. ૨૮/૨/૦૨ ના રોજ કોમી તોફાનો થઈ શકે તેવી આશંકા હતી જેથી તા. ૨૭/૨/૦૨ ના રોજ આપશ્રીએ કોઈપણ પોલીસ અધિકારીને બીજા દિવસ માટે સી.આર.પી.સી. ૧૪૪ અથવા કરફયુ નાખવા માટે કોઈ સુચનાઓ કરેલ કે કેમ ? તેમજ બહારથી વધુ ફોર્સની કોઈ મંગણી કરેલ કે કેમ ?

જવાબ. તે સમયે સક્ષમ પોલીસ અધિકારીએ પરિસ્થીતીને અનુરુપ બંધારણીય રીતે નિર્ણય લેવાનો હોય છે તેમા મંત્રીશ્રીની સુચનાની કોઈ રાહ જોવાતી નથી અને રહી વાત વધારાના પોલીસ ફોર્સ બોલાવવાની તો હું રાજય કક્ષાના ગૃહરાજયમંત્રી તરીકે હતો અને માનનીય મુખ્યમંત્રીશ્રી કેબીનેટ કક્ષાના ગૃહરાજયમંત્રી હતા અને મે અગાઉ જણાવ્યા મુજબ આ નિર્ણય તેઓ ધ્વારા જ લેવાતા હતા તેમછતા ગોધરા ઘટના સમયે મે જે તે પોલીસ

અધિકારીને વધારાની પોલીસ માટે આઈ.જી.પી. વડોદરા રેન્જ તથા એસ.પી. શ્રી ગોધરાને જાણ કરેલ. જે મારા અગાઉના નિવેદનમાં મે જણાવેલ છે. આ ઉપરાંત મારી સતત અવગણના દરેક નિર્ણયોમાં રહેલ હતી તે બાબતે પણ મે અગાઉ જણાવેલ છે.

સવાલ.૫ આપશ્રીએ ગોધરાનો બનાવ બનતા અને હિન્દુ કાર સેવકોના મોત થતા વિધાનસભા ગૃહમાં નિવેદન આપ્યા પછી તાત્કાલીક ગોધરા જવા માટે રવાના થયેલ હતા અને ત્યાના અધિકારીઓને વધારાનો ફોર્સ મંગાવવા સુચના કરેલ. આપના અગાઉના સીટ સમક્ષના નિવેદનથી એ પ્રસ્થાપિત થાય છે કે તા. ૨૮/૨/૦૨ ના રોજ નરોડા ખાતે પ્રવર્તમાન પરિસ્થિત ગંભીર હોવા બાબતે આપ વાકેફ હતા પરંતુ બનાવ બન્યા પછી કે તે દિવસે આપે તે જગ્યાની વિઝીટ કરેલ નથી. તેમજ આખા દિવસ દરમ્યાન આ જગ્યાએ કોઈ વધારાનો ફોર્સ મોકલેલ નથી. જેથી એ પ્રસ્થાપિત થાય છે કે આપે આમ પરોક્ષ રીતે નરોડા ખાતેના તોફાનીઓને મદદ કરેલ છે તે બાબતે આપ શુ કહેવા માંગો છો ?

જવાબ. આ બાબત તદ્દન સત્યહીન છે અને દિવસ દરમ્યાન સીનીયર પોલીસ અધિકારીઓ સાથે મે વારંવાર વાત કરી છે. પરંતુ વધારાના ફોર્સ બાબત માનનીય મુખ્યમંત્રીશ્રી કેબીનેટ ગૃહરાજયમંત્રી હતા અને મે અગાઉ જણાવ્યા પ્રમાણે આવા નિર્ણયોમાં મને સતત દુર રાખવામાં આવેલ અને મારી કોઈપણ પોલીસ અધિકારી કે આ ગુનામાં સંડોવાયેલ હોય તેવાને કાયદા વિરુધ્ધ વર્તવા કયારેય સલાહ આપી નથી કે પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈપણ પ્રકારનો મારો આ તોફાનીઓને મદદ કરવા કે તે અંગે મારી બંધારણીય જવાબદારી વિરુધ્ધ કોઈ જ કાર્યવાહી કરી નથી અને મારા રુબરુ જવા બાબતમાં જણાવવાનું કે એવું જરુરી નથી કે મંત્રીએ જાતે જ

જવુ અને જે તે સ્થળે રહેલા અધિકારીએ તેમની ફરજ મુજબ વર્તવાનુ હોય છે. જેમકે આરોગ્ય મંત્રી પોતે ઓપરેશન ન કરી શકે તેમ મારે જાતે જવાથી પોલીસ કર્મીઓ જે ફરજ બજાવતા હોય અને સંખ્યાબળ ઓછુ હોય તેવા સંજોગોમાં તેમની કામગીરીમાં અડચણ ઉભી થાય તેથી મે પોલીસ અધિકારીઓને આ ઘટનાઓમાં કડક હાથે કામ લેવા સુચના આપેલ.

સવાલ.૬ તા. ૨૭/૨/૦૨ ના દિવસે બનાવ બન્યા પછી આપ ગોધરા મુકામે જયારે પહોચ્યા ત્યારે મીડીયા ધ્વારા તે દિવસે આપનુ નિવેદન નીચે મુજબ રીપોર્ટ કરવામાં આવેલ છે " The bogie burning is the terrorist act similar to the attack on the American Center in Kalkutta The culprits in both cases are the same We will teach a lession to those who have done this .No one will be spared and we will make sure that the forces behind this act will never dare to repeat it. " જેથી આપશ્રી એવુ કહેવા માગો છો કે મુસ્લીમો ગોધરાના બનાવ બાબતે જવાબદાર હતા અને આ લોકોને કડક સબક શિખવાડવામાં આવશે તે બાબતે ખુલાસો કરો અને અમેરીકન સેન્ટર ઉપર થયેલા હુમલાથી ગોધરાના બનાવની સરખામણી શેના આધારે કરેલ હતી ?

જવાબ. આવુ કોઈ સ્ટેટમેન્ટ આપેલાનું મને હાલ યાદ નથી. તેમજ આવા કોઈ કોમી બાબતે કે એવા પ્રકારનો ઈરાદો પણ નથી અને મીડીયામાં તે કેવી રીતે આવ્યુ તે મને જાણમાં નથી. માત્ર આ બાબત પરથી આવુ તારણ કરવુ યોગ્ય નથી.

સવાલ.૭ એપ્રિલ–૨૦૦૨ માં આપે ઈન્ડીયન એકસપ્રેસ ન્યુઝ પેપરના રીપોટર જનાયેલા શ્રીનિવાસને ઈન્ટરવ્યુ આપેલ અને જેમાં આપને પ્રશ્ન પુછવામાં આવેલ કે " Why has violence again escalated in Ahmedabad? To which you had replied What do you expect when a police constable is to death? It is a natural reaction of police. " શુ ગઈ તા. ૨૮/૨/૦૨ ના રોજ જે બનાવો બનેલ તેના માટે આપ અમદાવાદ શહેર પોલીસને જવાબદાર ગણો છો ?

જવાબ. આવી કોઈ બાબત કીધી નથી.

સવાલ.૮ ગઈ તા. ૨૭/૨/૦૨ ના આપના મોબાઈલ ફોનની કોલ ડીટેલ આપને બતાવવામાં આવે છે તે દિવસે વિ.હ.પ.ના અમદાવાદ શહેર ના તત્કાલીન સંયુકત મહામંત્રીશ્રી જયદીપ પટેલ નાઓએ આપને ત્રણ ફોન કરેલ છે જે આપે રીસીવ કરેલ છે અને આપશ્રીએ તેઓને એક ફોન કરેલ છે. આ શ્રી જયદીપ પટેલ નરોડા પોલીસ સ્ટેશન ફ. ગુ. ર. નં. ૧૦૦/૦૨ ના કામના આરોપી પણ છે તો આપે તા. ૨૭/૨/૦૨ ના રોજ તેઓશ્રી સાથે શુ ચર્ચા કરેલ હતી ? તે જણાવો.

જવાબ. મે અગાઉના નિવેદનમાં જણાવેલ છે કે શ્રી જયદીપ પટેલ સાથે વિગતે શુ વાત થઈ તે હાલ મને યાદ નથી પરંતુ કોઈ મરનાર અથવા તેના સગાવ્હાલા બાબતે વાત થઈ હશે.

સવાલ.૯ ગઈ તા. ૨૭/૨/૦૨ ના ગોધરા ટ્રેન બનાવમાં મૃત્યુ પામેલ અમુક કાર સેવકોની લાશો જયદીપ પટેલને સોપવામાં આવી હતી આ લાશો અમદાવાદમાં આવતા અને તેની સ્મશાનયાત્રા નિકળતા કોમી પરિસ્થિતિ

ગંભીર થઈ ગયેલ અને તોફાનો ફાટી નિકળેલા. ઉપરોકત કોલ ડીટેલ જોતા એવું માનવાને કારણ બને છે કે આપશ્રી આ નિર્ણય માટે જવાબદાર હતા. તે બાબતે આપશ્રી શુ કહેવા માંગો છો ?

જવાબ. મે અગાઉ પણ નિવેદન આપેલ છે અને આજે પણ મારા જવાબમાં લખાવેલ છે કે આ ડેડબોડીઓ લાવવા અંગે મે કોઈ નિર્ણય લીધો નથી અને આ દિવસે મારા કરતા બે સીનીયર આગેવાનો કેબીનેટ કક્ષાના આરોગ્યમંત્રી શ્રી અશોકભાઈ ભટ્ટ તથા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ ગોધરા ખાતે હાજર જ હતા અને તે નિર્ણય તેમણે લીધેલો છે. આ નિર્ણય લેવાની ન તો મારી સક્ષમતા હતી કે મે નિર્ણય લીધો પણ નથી. આથી કોલ ડીટેલ્સને આ બાબતે સાકળીને તે નિર્ણય મે નથી લીધો તેને જોડી શકાય નહી અને તે નિર્ણય માટે હુ જવાબદાર નથી. વધુમાં ગોધરા ખાતે જે તે સમયના સાંસદ શ્રી ભુપેન્દ્રસિંહજી સોલંકી પણ હાજર હતા. તેમને પણ આપ પુછીને ખાત્રી કરી શકો છો.

સવાલ.૧૦ ગઈ તા. ૨૪/૩/૦૨ ના દિવસે ગુજરાત રાજયના ૨૭ સીનીયર પોલીસ અધિકારીઓ અને અમદાવાદ શહેરના પણ મોટા પ્રમાણમાં સીનીયર પોલીસ અધિકારીઓની બદલી કરવામાં આવી હતી આ યાદી જોતા એ સ્પષ્ટ રીતે પ્રસ્થાપિત થાય છે કે જે સીનીયર પોલીસ અધિકારીઓ એ તોફાનો રોકવામાં સક્ષમતાથી ફરજ બજાવેલ છે તેવા અધિકારીઓને બિન સંવેદનશીલ જગ્યાઓ ઉપર મુકવામાં આવ્યા છે અને જે અધિકારીઓ તોફાન રોકવામાં નિષ્ફળ હતા તેઓને સારી જગ્યાઓ ઉપર બદલી થઈ હતી. ગૃહ રાજયમંત્રી તરીકે આપશ્રી આ બદલીઓ માટે સહમત અથવા તો જવાબદાર હતા તે હકીકત નકારી શકાય તેમ નથી. તે બાબતે આપ શુ કહેવા માંગો છો ?

જવાબ. મે આજે આપેલા જવાબમાં આ બાબત સ્પષ્ટ કરી છે કે આ અધિકારીઓની બદલીઓ બાબત મારા અધિકાર ક્ષેત્રમાં આવતી ન હતી અને આ તમામ નિર્ણયો મુખ્યમંત્રીશ્રીએ પોતે જ લીધા છે અને આમ પણ જે રીતે મારી અવગણના અને અવહેલના થતી હતી એટલે મારી સલાહ કે સુચન આપવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. આ બાબત મારી સહમતી કે અસહમતી સાથે કોઈ સબંધં ધરાવતી નથી. એ માત્ર મુખ્યમંત્રીશ્રીના અધિકાર ક્ષેત્રની બાબત હતી. જે તેમણે જ નિર્ણયો લીધા છે.

સવાલ.૧૧ નરોડા પોલીસ સ્ટેશન ફ. ગુ. ર. નં. ૧૦૦/૦૨ ના કામના આરોપી બાબુભાઈ પટેલ ઉર્ફે બાબુ બજરંગી નાઓએ પોતાના એકસ્ટ્રા જ્યુડીશીયલ કન્ફેશનમાં પત્રકાર શ્રી આશીષ ખેતાનને એવું જણાવેલ છે કે, આપશ્રીએ તેઓને નાસતા ફરતા રહેવાની પુરી મદદ કરેલ છે તો આપશ્રીએ આપના હોદ્દાનો દુર ઉપયોગ કરી ને ગંભીર પ્રકારના ગુનાના આરોપીને મદદ કરેલ છે. તે બાબતે આપે શુ કહેવુ છે ?

જવાબ. મે અગાઉ પણ મારા નિવેદનમાં જણાવેલ છે કે મે આવી કોઈ જ વાત બાબુ પટેલ ઉર્ફે બજરંગી સાથે કરેલ નથી માત્ર તેની બડાસ કાઢવા તેણે પત્રકારને આવુ કીધુ હોય તેમાં મારી કોઈ જવાબદારી બનતી નથી અને તે કારણસર મે મારા હોદ્દાનો દુર ઉપયોગ કયાંય કરેલ નથી. અને બાબુ બજરંગીની આ વાત મારી સાથે થઈ નથી એવુ હુ ચોકકસ મકકમપણે જણાવુ છુ.

**સવાલ.૧૨** આજરોજ આપને ગઈ તા. ૨૮/૨/૦૨, ૪/૩/૦૨ અને ૭/૩/૦૨ ના મોબાઈલ ફોન કોલ ડીટેલ્સ બતાવવામાં આવે છે જેમાં આપે નરોડા

પોલીસ સ્ટેશન ફ. ગુ. ર નં. ૧૦૦/૦ર ના કામના આરોપી બીપીન પંચાલ સાથે અનુક્રમે પાંચ વાર, બે વાર અને એક વાર વાત થયેલ છે. જે બીપીન પંચાલનું નામ આરોપી તરીકે હતુ અને આપશ્રી સાથે તેને ફરીયાદ દાખલ થયા બાદ પણ ફોન સંપર્કો હતા તો ગૃહ રાજયમંત્રી તરીકે આપની સીધી જવાબદારી હતી કે લાગતા વળગતા પોલીસ અધિકારીને જાણ કરી બીપીન પંચાલને પકડવામાં મદદ કરવી. પરંતુ આપે એવુ કરેલ નથી. જે બાબતે શુ કહેવા માંગો છો ?

જવાબ. બીપીન પંચાલ સાથે જે તે સમયે તા. ર૮/ર/૦ર ના રોજ અને ત્યાર પછી જે વાતચીત આપના કોલ ડીટેલ્સમાં જણાવ્યાનુસાર થયાની વિગતો વિગતવાર હાલ યાદ નથી પરંતુ મે અગાઉ મારા નિવેદનમાં જણાવેલ છે કે બીપીન પંચાલનો એક ઓટો મોબાઈલનો શો રુમ નરોડા પાટીયા પાસે આવેલ હતો જે તોફાનો દરમ્યાન સળગાવી દેવામાં આવેલ તેના અનુસંધાને વાત થઈ હશે અને આ બીપીન પંચાલ ત્યાર પછી કયારે ગુનેગાર બનેલ તે ચોકકસ સમય તારીખ હાલ મને યાદ નથી. પરંતુ તેમના ધંધાના નુકશાન અંગે વાત થઈ હશે તે સિવાય કોઈ ગુનેગાર ને છાવરવા બાબત કે મદદ આપવા બાબતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અને અમોએ કોઈ ગુનેગારને છાવરવાનો પ્રયત્ન કર્યો નથી. એવું સ્પષ્ટ જણાવીએ છીએ.

સવાલ.૧૩ ગઈ તા. ર૮/ર/૦ર ની આપની, તત્કાલીન નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન–પ ના શ્રી આર. જે. સવાણી તથા તત્કાલીન સંયુકત પોલીસ કમિશ્નર, સેકટર–ર,ના શ્રી એમ. કે. ટંડન નાઓની કોલ ડીટેલ્સ નો અભ્યાસ કરતા એવું પ્રસ્થાપિત થાય છે કે, જયારે પણ આપશ્રી શ્રી આર. જે. સવાણીને ફોન કરતા હતા ત્યારે શ્રી આર. જે. સવાણી શ્રી એમ. કે.

ટંડન નો સંપર્ક કરતા હતા. શ્રી એમ. કે. ટંડને પોતાના નિવેદનમાં એવુ જણાવેલ છે કે શ્રી આર. જે. સવાણી તેમના સુધી આપના ધ્વારા આપેલ સુચનાઓ પહોચાડતા હતા. સૌથી વધારે કોમી તોફાનો સેકટર–૨ ના વિસ્તારમાં થયેલ છે જેથી આ તોફાનીઓને મદદ કરવા માટે આપશ્રીએ સીનીયર અધિકારીશ્રીને ગેરકાયદેસર સુચનાઓ આપેલ છે તેવું માનવાને કારણ બને છે તો આ બાબતે શુ કહેવા માંગો છો ?

જવાબ. મે આજે આપને લખાવેલ નિવેદનમાં સ્પષ્ટ જણાવુ છુ કે મે કોઈપણ પોલીસ અધિકારીને ગેરકાયદેસર અથવા કાયદા વિરુધ્ધ કાર્યવાહી કરવાનુ કયારેય કીધેલ નથી. મે ડી.સી.પી.શ્રી સવાણી સાથે વધારે વખત વાત કરી તે બનવા જોગ છે કારણ કે તેમનો વિસ્તાર પરંપરાગત શંવેદનશીલ હતો અને ત્યાં અન્ય ઘટનાઓની અસર ન થાય તે માટે કડક બંદોબસ્ત રાખવા તથા તકેદારી રાખવા સુચનાઓ આપેલ ઉપરાંત મારી આપેલી સુચનાઓ તે જ બાબતની તમામ પોલીસ અધિકારીઓ માટે કડક હાથે કામ લેવાની જ આપેલ હતી. જેનો શ્રી સવાણીએ શ્રી ટંડન ને સંદેશો પહોચાડયો હોય કે કેમ ? તે મને ખ્યાલ નથી. ઉપરાંત શ્રી સવાણીના વિસ્તારમાં ૫૦૦ જેટલા લઘુમતી કોમના પરીવારોને સલામત રીતે તોફાનો દરમ્યાન ખસેડીને બચાવવાની કામગીરી કરવા માટે પણ વધારે ફોન કોલ થયા હોય એટલે મારી કોઈ સુચના ગેરકાયદેસર રીતે વર્તવા માટેની ન હતી એ હુ સ્પષ્ટ અને મકકમપણે જણાવુ છુ.

સવાલ.૧૪ ગઈ તા. ૨૮/૨/૦૨ ના રોજ જે કોમી બનાવો બનેલ તે અંગેના દસ્તાવેજોનો અભ્યાસ કરતા એવું પ્રસ્થાપિત થાય છે કે અમદાવાદ શહેરમાં થયેલ તોફાનો બાબતે આપની કચેરીએથી એકપણ પોલીસ અધિકારીની વિરુધ્ધમાં ખાતાકીય પ્રક્રિયા અથવા ફરજ મોકુફીની ભલામણ

/ પ્રક્રિયા કરવામાં આવી નથી. આટલા મોટા બનાવમાં બેદરકાર પોલીસ અધિકારીની વિરુધ્ધ પગલા ન લઈ આપે તોફાનીઓને મદદ કરવાવાળાને છાવરેલ છે તેવું પ્રસ્થાપિત થાય છે તે બાબતે આપને શુ કહેવુ છે ?

જવાબ. મે આજે આપેલ નિવેદનમાં જણાવ્યુ છે કે ગૃહ ખાતાના કેબીનેટ દરજજાના મંત્રી માનનીય મુખ્યમંત્રીશ્રી જ હતા અને જે તે અધિકારી વિરુધ્ધ પગલા લેવા તે તેમની જવાબદારી બને છે અને મારી ભલામણ બાબતમાં જણાવવાનું કે ત્યા મારી સાથે શરુ થી જ અણબનાવ અને મને નિર્ણયોથી બાકાત રાખવામાં આવતો હોઈ ત્યા મારે સલાહ પણ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને હોદ્દાની રુએ પણ આ પગલા લેવાની ન તો મારી સક્ષમતા હતી. જે માત્ર અને માત્ર મુખ્યમંત્રીશ્રીએ આ પગલા લેવાના થાય એટલે મારે કોઈ અધિકારીને છાવપરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

સવાલ.૧૫ આપશ્રી ગઈ તા. ૨૭/૨/૦૨ ના રોજ જે ગોધરા ટ્રેનનો બનાવ બનેલ અને તે પછી તોફાનો ફાટી નિકળેલ તે પછીના તત્કાલીન મુખ્યમંત્રીશ્રીના નિર્ણયના દર્શાવેલ વિરોધ અંગેનો કોઈપણ દસ્તાવેજ રજુ કરી શકો છો કે કેમ ?

જવાબ. મે અગાઉ મારા સીટ ને લખેલ પત્ર અને તેના આજના નિવેદનના સ્વરુપે લખાવેલ જવાબમાં મારી જે તે સમયની સ્થિતિ બાબત વિગતવાર સ્પષ્ટતા કરી છે. આવા સંજોગો અને વાતાવરણમાં નિર્ણયની યોગ્યતા કે અયોગ્યતા બાબતમાં દસ્તાવેજી પુરાવા રુપ નહી પરંતુ ગોધરા ઘટના પછીના બનાવોમાં અને તે બાબતના મુખ્યમંત્રીશ્રી કક્ષાએ લીધેલ નિર્ણયોમાં મારી સતત અવગણના રહેલ છે તેનો મે મારા જવાબમાં ઉલ્લેખ કરેલ છે અને

અમારા સબંધો બાબત પણ કેટલાક પત્રો અને વર્તમાન પત્રોની નકલો જોડેલ છે.

સવાલ.૧૬ ગૃહ વિભાગના રુલ્સ ઓફ બિઝનેશ પ્રમાણે કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ગૃહ રાજયમંત્રી જવાબદાર નથી હોતા તેમછતા આપશ્રીએ ગુજરાત અને ખાસ કરીને અમદાવાદ ના સીનીયર પોલીસ અધિકારીઓ સાથે બનાવના દિવસે સતત સંપર્કમાં હતા તે બાબતે આપશ્રી શુ કહેવા માંગો છો ?

જવાબ. રુલ્સ ઓફ બિઝનેશમાં કાયદો અને વ્યવસ્થા લેખિત સ્વરુપે મુખ્યમંત્રીશ્રીની જવાબદારી ગણાય છે પરંતુ તેમની નીચે રાજયકક્ષાના મંત્રી તરીકે મારાથી બનતા પ્રયત્નો કરીને તોફાનોને કડક હાથે દાબી દેવા માટે મારે પ્રયત્નો કરવા જોઈએ અને તે ફરજના ભાગરુપે તમામ લાગતા વળગતા પોલીસ અધિકારીઓ સાથે સંપર્કમાં રહીને તોફાનોને કડક હાથે દાબી દેવાની સુચનાઓ આપી છે. જે મારી નૈતિક અને બંધારણીય ફરજ પણ હતી તેથી રુલ્સ ઓફ બિઝનેશમાં કાયદો અને વ્યવસ્થાનું જે અર્થ ઘટન હોય પરંતુ મે મારી ફરજ કડક હાથે કામ લેવાની સુચના આપેલી જ હતી. જેના કારણે હુ પોલીસ અધિકારીઓના સતત સંપર્કમાં હતો.

સવાલ.૧૭ આપશ્રી ભા.જ.પ. સરકારમાં કઈ તારીખથી કઈ તારીખ સુધી ગૃહ રાજયમંત્રી તરીકે હતા તથા આપે આપના હોદ્દા ઉપરથી કયારે રાજીનામુ આપ્યુ.

જવાબ. હુ જુલાઈ–૨૦૦૧ થી વિધાનસભાની ટર્મ પુરી થતા સુધી એટલે કે ડીસેમ્બર–૨૦૦૨ સુધી ગૃહ રાજયમંત્રી તરીકે ભા.જ.પ. સરકારમાં હતો અને તે સમયે રાજીનામુ આપેલ નથી.

સવાલ.૧૮ ગઈ તા. ૨૭/૨/૦૨ ના રોજ ની આપની કોલ ડીટેલ્સ જોતા આપના મોબાઈલ ફોન નં. ૯૮૨૫૦ ૪૯૧૪૫ ઉપર શ્રીમતી માયાબેન કોડનાની સાથે કલાક. ૧૦:૩૬ વાગે વાત થયેલ છે તો શી બાબતે આ વાત થયેલ તે જણાવો ?

જવાબ. શ્રીમતિ માયાબેન કોડનાની જે તે સમયે નરોડા મત વિસ્તારના ધારાસભ્ય હતા અને તે દિવસે શુ વાત થઈ હશે તે બાબતને ઘણો લાંબો સમય થઈ ગયો હોવાથી વિગતો હાલ યાદ નથી. અમો રાજય સરકારમાં ગૃહરાજયમંત્રી હોઈ ધારાસભ્યો અમારા ફોન ઉપર વાત કરે તે બાબતને ગુના સાથે સાંકળી શકાય નહી.

સવાલ.૧૯ ગઈ તા. ૧/૩/૦૨ ના રોજ ની આપની કોલ ડીટેલ્સ જોતા આપના મોબાઈલ ફોન નં. ૯૮૨૫૦ ૪૯૧૪૫ ઉપર શ્રીમતી માયાબેન કોડનાની સાથે કલાક. ૧૯:૪૩ વાગે વાત થયેલ છે અને આ માયાબેન કોડનાની નરોડા પો.સ્ટે. ફ. ગુ. ર. નં. ૯૮/૦૨ તથા ફ.૧૦૦/૦૨ ના કામના આરોપી હતા તો તેઓ સાથે કઈ બાબતમાં વાત થયેલ તે જણાવો.

જવાબ. શ્રીમતી માયાબેન કોડનાની કે જેઓ તે સમયે નરોડા મત વિસ્તારના ધારાસભ્ય હોઈ અને અમારી કોલ ડીટેલ્સ આધારે તેમના મારા ઉપર ફોન આવેલા તેવું જણાયેલ છે તે અનુસંધાને જણાવવાનું કે જે તે સમયે અમે રાજય સરકારના ગૃહ રાજયમંત્રી તરીકે ફરજ બજાવતા હોઈ અનેક લોકો અમારા ફોન ઉપર ફોન કરતા હોય તે સ્વભાવીક છે અને તે સમયે શુ વાતચીત થઈ હોય તે બાબતને ઘણો લાંબો સમય વિતેલ હોઈ વિગતો હાલ યાદ નથી અને તેઓને પાછળથી આરોપી તરીકે અટક થયેલ તેવું જાણવા મળેલ છે.

સવાલ.૨૦ ગઈ તા. ૧/૩/૦૨ થી ૪/૩/૦૨ સુધી નરોડા પો.સ્ટે. ફ. ગુ. .ર. નં. ૯૮/૦૨ ના કામે અટક થયેલ આરોપી જયદીપભાઈ પટેલ સાથે આપને તા. ૧/૩/૦૨ ના રોજ કલાક. ૧૦:૦૩, ૧૯:૫૧ તા. ૨/૩/૦૨ ના રોજ કલાક. ૧૧:૨૨, ૧૧:૩૩ અને ૧૧:૫૫ વાગે તા. ૩/૩/૦૨ ના રોજ કલાક. ૧૦:૧૭ વાગે અને તા. ૪/૩/૦૨ ના રોજ કલાક. ૯:૪૯ વાગે વાત થયેલાનું જયદીપભાઈ પટેલના મોબાઈલ ફોનની કોલ ડીટેલ્સ ઉપરથી જણાય આવે છે તો આ બાબતે આપે શુ કહેવું છે.

જવાબ. આપની બતાવેલ કોલ ડીટેલ્સના આધારે ઉપરોકત સમયે ડૉ. જયદીપભાઈ પટેલે મારા ફોન નંબર ઉપર ફોન કરેલ છે તે અંગે જણાવવાનું કે અમો જે તે સમયે રાજય સરકારના ગૃહરાજયમંત્રી હોઈ અમારો ફોન નંબર જાહેર હોવાથી અનેક લોકો ફોન કરતા હોઈ તેમના ફોન આવ્યા હશે પરંતુ આ સમયને ઘણો સમય વિતયો હોવાથી જે તે સમયે શુ વાત થઈ હશે તે ચોકકસ હાલ યાદ નથી પરંતુ અમોએ જેમના પણ ફોન આવ્યા હોય તેમને કાયદો વ્યવસ્થા જાળવવા મદદરુપ થવા અંગે જ વાત કરી છે અને જે તે સમયે જયદીપ પટેલ આરોપી ન હતા તેમછતા અમારા ફોન ઉપર ફોન આવે તો રાજયના ગૃહરાજયમંત્રી તરીકે આ ફોનને ગુના બાબતે સાંકળી શકાય નહી. અમોએ કોઈને પણ કાયદા વિરુધ્ધ વર્તવા સુચના કયારેય આપેલ નથી.

સવાલ.૨૧ આપના મોબાઈલ ફોન નં. ૯૮૨૫૦ ૪૯૧૪૫ ઉપરથી ગઈ તા. ૨૮/૨/૦૨ ના રોજ કલાક. ૦૦:૦૦ વાગે તત્કાલીન સંયુકત પોલીસ કમિશનરશ્રી એમ. કે. ટંડન નાઓના મોબાઈલ નં. ૯૮૨૫૦ ૪૮૩૧૬ ઉપર શુ વાત થયેલ તે જણાવો.

જવાબ. મે અગાઉના નિવેદનોમાં આ અંગે જણાવેલ છે તે મુજબ અમો જે તે સમયે રાજય સરકારમાં ગૃહ રાજયમંત્રી તરીકે ફરજ બજાવતા હોઈ પોલીસ અધિકારીઓ સાથે વાત થવી સ્વાભાવિક છે અને દરેક બાબતમાં થયેલ વાતચીતમાં પરિસ્થિતિને કાબુમાં લેવા માટેની સુચનાઓ આપેલ છે તે જ રીતે શ્રી એમ. કે. ટંડન નાઓ સાથે પણ કડક પગલા લઈ પરિસ્થિતિને કાબુમાં લેવા સુચના આપી હોય તે સ્વાભાવિક છે.

સવાલ.૨૨ આપશ્રીના મારી સમક્ષના આજના નિવેદનમાં ઘણા મુદ્દાઓ આપના દ્વારા સીટ સમક્ષ આપેલ અગાઉના નિવેદનો થી વધારાની હકીકત જણાવી રહયા છો તો કેવા કારણસર આ વધારાની હકીકત જણાવી રહયા છો ?

જવાબ. મે અગાઉ સીટ સમક્ષ આપેલા નિવેદનો મુજબ જ આજે જવાબો આપેલ છે. પરંતુ તે જવાબો વધારે સ્પષ્ટ થાય અને તે જવાબો પછી મે ગોધરા ઘટના અને ત્યાર પછીના બનાવો બાબતે માહીતીઓ મેળવી અને મારી યાદ શકિત મુજબ ઘટનાઓના સંદર્ભમાં તપાસ વધારે સારી રીતે થઈ શકે તેવા હેતુથી અગાઉના આપેલા નિવેદનો મે મારી ભુમિકા વધારે સ્પષ્ટ થાય અને જે તે સમયે જે હકીકતો બનેલ તેની વધારાની વિગતો આપેલ છે. ઉપરાંત તે ઘટનાઓ સંદર્ભમાં નિર્ણયો લેવાની મારી સક્ષમતા તથા જેમાં મારી ભુમિકા ન હોય તેવા નિર્ણયો અને ઘટનાઓ સંદર્ભમાં જેમની જવાબદારી અને ભુમિકા સ્પષ્ટ થાય તેવા હેતુથી તપાસમાં સાચી હકીકતો આવે અને તપાસ યોગ્ય રીતે કરવામાં આ વધારાની માહીતી અને સંદર્ભ ઉપયોગી બને તેવા હેતુથી આજરોજ અગાઉના નિવેદનમાં જણાવેલી હકીકતો ઉપરાંત વધારાની માહીતી આપી છે.

સવાલ.૨૩ આપશ્રીના એસ.આઈ.ટી. સમક્ષના અગાઉના નિવેદનમાં જણાવેલ છે કે, તા.૨૮/૨/૦૨ ના દિવસે આપ નરોડા પાટીયા ખાતેની ગંભીર પરિસ્થિતિથી વાકેફ હતા. આપશ્રીના મોબાઈલ ફોનની કલાક ૧૫/૪૨, ૧૫/૪૩ વાગ્યાના ટાવર લોકેશનની વિગત જોતાં કૈલાસ કોમ્પલેક્ષ, શોપ નં. ૧૦૫, નરોડા નારોલ હાઈવેનું જણાય છે જે નરોડા પાટીયા અને ગામ ખાતે જે બનાવ બનેલ તેની નજીક છે તેમજ તે દિવસે આપ નરોડા ગામ અને નરોડા પાટીયાના આરોપી જયદીપ પટેલ તથા બિપીન પંચાલ સાથે સંપર્કમાં હતા આથી પ્રસ્થાપિત થાય છે કે આપ પણ નરોડા પાટીયા તથા નરોડા ગામમાં બનેલ બનાવના કાવતરામાં સામેલ હતા તે બાબતે આપ શું કહેવા માંગો છો ?

જવાબઃ- મેં અગાઉના મારા એસ.આઈ.ટી. સમક્ષના નિવેદનમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, હું તા.૨૮/૨/૦૨ નારોજ અમદાવાદમાં બનેલ આ ઘટના સ્થળે કયાંય ગયેલ નથી અને મેં અગાઉ એસ.આઈ.ટી. સમક્ષ જણાવેલ કે આ અંગે જે તે સમયના મારા અંગત સ્ટાફ, સલામતીના માણસો તથા તે સમયની મારી તમામ મુવમેન્ટ કંટ્રોલ રુમમાં નોંધાયેલ હશે જ તે ફરીથી આ બાબત સ્પષ્ટપણે જણાવું છું કે, અમો આ ઘટના સ્થળે બતાવેલ કોલ ડીટેઈલ્સ મુજબ ગયા જ નથી અને આ કોલ ડીટેઈલ્સ કેવી રીતે બતાવે છે તે સાથે અમો સહમત થતા નથી અને આરોપીઓ જયદીપ પટેલ અને બિપીન પંચાલ સાથેની વાતચીતના અગાઉ તથા આજે પણ સ્પષ્ટ ખુલાસા કરેલ છે. ઉપરાંત જે કોલ ડીટેઈલ્સ એક એક મીનીટે દસથી વીસ કીલોમીટરનું અંતર હોય તેવું લોકેશન બતાવે છે અને હું મકકમપણે જણાવું છું કે, આપશ્રી મારી સાથેના જે તે સમયના કર્મચારી, પોલીસ કર્મચારી તથા ડ્રાયવર વિગેરેને પુછી શકો છો. હું આ સમયે કોલ ડીટેઈલ્સ મુજબ કોઈ ઘટના સ્થળે ગયેલ નથી. આથી આ તમામ કોલ ડીટેઈલ્સ

તા.૨૮/૨/૦૨ નારોજ હું ગોધરાથી અમદાવાદ થઈને ગાંધીનગર આવ્યો હતો તે સમય સવારનો પાંચ વાગ્યે બતાવે છે તે સમયે જ ત્યાંથી પસાર થયો છું તે સિવાય આ ઘટના સ્થળે હું તા.૨૮/૨/૦૨ નારોજ ગયો જ નથી. આ બાબત મકકમપણે જણાવું છું. આથી હું સ્પષ્ટપણે જણાવું છું કે, આપના પુછેલા પ્રશ્ન મુજબ હું કોઈ કાવતરામાં સામેલ ન હતો અને મારા તરફથી આવી કોઈ હરકત કે સુચના પણ કયારેય આપેલ નથી. આથી મારા પરનો આ આક્ષેપ સત્યથી વેગળો છે.

સવાલ.૨૪ વિશેષમાં આપ કંઈ જણાવવા માંગો છો કે કેમ ?

જવાબ વિશેષમાં હું જણાવવા માંગુ છું કે, આજે મેં જે વધારાના જવાબો આપ્યા છે તે તપાસના હેતુ માટે યોગ્ય દિશામાં, સાચી રીતે હકીકતો, ઘટનાઓ સંદર્ભમાં સમયગાળો લાંબો હોવા છતાં મને જેટલું યાદ છે તેટલું લખાવેલ છે અને મેં એસ.આઈ.ટી. ને જે પત્ર અગાઉ તા. ૧/૯/૧૦ નારોજ લખેલ હતો તે મુજબની મારી ભુમિકા સ્પષ્ટ કરતું નિવેદન લખાવેલ છે.

આ તપાસના સંદર્ભમાં હવે પછી પણ જો જરુરત ઉભી થાય તો હું સહકાર આપીશ અને આપના તરફથી પણ મારી હકીકતોને તટસ્થતાથી મુલવીને હું મારી જાતે નિર્દોષ હોવા છતાં કોઈ ક્ષતિ કે અન્ય કોઈ કારણોસર ભોગ ન બનીએ તેની આપ કાળજી લેશો. તેવી અપેક્ષા રાખું છું.

એટલી મારી હકીકત મારા લખાવ્યા મુજબની બરાબર અને ખરી છે જે મે વાંચેલ છે.

રુબરુ

( હિમાંશુ શુકલ )
નાયબ પોલીસ કમિશ્નર
ક્રાઈમ બ્રાન્ચ અ'વાદ શહેર
તથા (SIT) ગો.રા.કેશ